અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં લીંબડી

---

ક્રિ.કેસ નં. ૪૩૯/૨૦૨૬

આંક– ૦૫

---

ફરીયાદી :– સરકાર

**વિરૂધ્ધ**

આરોપી:– ગોવિંદભાઈ વજાભાઈ કુસાપરા

**– : : ઠરાવ : : –**

ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ હાલના આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧), બી. મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયા બાદ તેઓને કેસના કાગળોની નકલ આ પ્યાની ખાત્રી કર્યા બાદ તેમના સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલાં આરોપીએ તેઓની સામે જે ગુનાનો આક્ષેપ છે તે તેઓને કબુલ છે તેવું જણાવતાં તેઓને જણાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને કાયદા મુજબ નિયત કરેલ સજા થઈ શકે છે તેવી સમજ આપવામા આવેલ તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માંગે છે તેવું જણાવે છે. જેથી આરોપીની તેની સામેના ગુના બાબતેનું સંગ્ના–સમજ આપી પ્લી નીચે રેકર્ડ કરવામાં આવી છે. તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ ગુના કબુલાત કરી એવી મૌખિક રજુઆત કરેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે,તેમજ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહી કરી તેની ખાત્રી આપેલ છે, અને દયા કરી ઓછી સજા કરવા અરજ કરેલી છે.

આરોપીની રજુઆતને લક્ષમાં લેતાં, આરોપી સામે નો ગુનો સમરી ટ્રાયેબલ હોય અને કબુલાત પાત્ર છે. આમ, આરોપી સામેના ગુનાની ગંભીરતા અને સ્વરૂપને ધ્યાને લેતાં, તેમાં સજા અને દંડની જોગવાઈ કરવામાં આવેલી છે. વધુમાં હાલના આરોપીએ તેઓની સામેનો ગુનો સ્વેચ્છા પૂર્વક કબુલ કરેલ હોય તે ધ્યાને લેતા નામદાર ગુજરાત હાઈકોર્ટના **સ્ટેટ વિરુદધ નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ .આર. પેઈજ નં. ૭૦૯**ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતા, સબબ આરોપીની કોર્ટ સમક્ષની રજુઆત લક્ષમાં લેતાં તથા સબબ આરોપીની કોર્ટ સમક્ષની રજુઆત લક્ષમાં લેતાં, આરોપીનો પ્રથમ ગુનો હોય, આરોપીએ ગુના સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી બને તેવી ખાત્રી પણ આપતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર, ગુનાને લગતી સજાની જોગવાઈ અને આરોપી ધ્વારા કરવામા આવેલી રજુઆતને લક્ષમાં લેતાં આરોપીને દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

- આરોપીને મુજબ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી જોગવાઈનાં ભંગ બદલ શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીને રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચ સો પુરાનો) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા TRC કરવામાં આવે છે.
- મુદદામાલ અનુસંધાને અગાઉનો વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે અથવા તો હદના પો.સ્ટે દ્વારા મુદદામાલ માલિકની ખરાઇ કરી મુદદામાલ માલિકને પર સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૧૧મી, માહે જુલાઈ સને ૨૦૨૬ નારોજ સહી કરી નેશનલ લોક અદાલતમાં સ્પે.સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ: લીંબડી.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬

**મોહિત આર.ત્રિવેદી**

અધિક જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,

લીંબડી.(GJ01575)